**તુષાર એમ. ધોળકિયા,** આઈ.એ.એસ.
સભ્ય સચિવ

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

પરિપત્રક્રમાંક:એબી/ સીમે-૩-૪/ પાણી બીલ /એગ્રીમેન્ટ/૫૨ તા.૨૪/ ૦૬/૨૦૧૯

પ્રતિ,

(૧) મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન-૧/૨/૩/૪/૫,
વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભૂજ/જુનાગઢ

(૨) નિયામકશ્રી,
ગુ.જ.સે.તા.સંસ્થા, સેકટર-૧૫, ગાંધીનગર

**વિષય** :- ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ દ્વારા વિવિધ સંસ્થાઓ પાસેથી મેળવવામાં આવતા પીવાના પાણી અન્વયે સંબંધિત સંસ્થાઓ સાથે કરવાના થતા તમામ કરાર અધતન રીતે નિભાવવા બાબત.

**વંચાણે લીધું:** (૧) મોનીટરીંગ પ્લાનીંગ શાખાના પત્ર ક્રમાંક મોની સેલ/૩૦૮ તા.૨૦.૦૫.૧૯
(૨) મોનીટરીંગ પ્લાનીંગ શાખાના પત્ર ક્રમાંક નં. મોની સેલ/૩૫૮,૩૬૦,૩૬૧,૩૬૨ તા.૧૧/૦૬/૨૦૧૯
(૩) સરકારશ્રીના ન.જ.સં.પા.પુ અને ક વિભાગના ઠરાવ ક્રમાંક:ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/ પી, સચિવાલય, ગાંધીનગર તા.૩/૨/૨૦૦૭

**<u>પ્રસ્તાવના</u>**

ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ દ્વારા જળ સંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**(SSNNL)** ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ**(GWIL)** વિગેરે પાસેથી પીવાનું પાણી મેળવવામાં આવે છે. વંચાણે લીધેલ સરકારશ્રીના સંદર્ભ(૩)ના ઠરાવની સૂચનાઓ મુજબ, નિયત જથ્થામાં પાણી મેળવવા અંગે પાણી પૂરૂ પાડનાર તમામ સંસ્થાઓ પાસેથી:-

(૧) પીવાના પાણીના જથ્થાની મંજૂરી

(૨) નિયત કરારનામામાં કરારખત તથા

(૩) વોટરમીટર દ્વારા જથ્થાની માપણી થવી ફરજીયાત છે.

ઉપરોકત (૩) બાબતો પૈકી કોઇપણ એક બાબતનું પણ પાલન ન થાય તો સંબંધિત વિભાગ/નિગમ દ્વારા નિયમોનુસાર ૨૫% જેટલા ભારે દંડાત્મક દરે બીલોની આકારણી કરવામાં આવે છે, જેથી બોર્ડને બિનજરૂરી આર્થિક ભારણ ભોગવવુ પડે છે તથા ચુકવણી બાબતે બિનજરૂરી વિવાદના કિસ્સાઓ ઉપસ્થિત થાય છે, જેમાં નોંધપાત્ર સમય-શક્તિનો બગાડ થાય છે. આ પરિસ્થિતિ નિવારવા નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે, જેનું ચૂસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવે છે.

**<u>પરિપત્ર</u>**

ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ દ્વારા જળ સંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**(SSNNL)** ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ**(GWIL)** વિગેરે પાસેથી મેળવવામાં આવતા પીવાના પાણી અંગે અને આ પાણી પૂરૂ પાડનાર જે તે એજન્સી સાથે ઉપર જણાવ્યા મુજબ સક્ષમ સ્તરેથી મંજૂરી મેળવવાની, વોટર

મીટર લગાવવાની તથા નિયત નમૂના મુજબના કરારખત કરવા ફરજીયાત છે. આ બાબત ધ્યાને લેતાં આવા તમામ કરારખત અંગે સંબંધિત વિભાગ/નિગમ/કંપનીના કાર્યપાલક ઇજનેરશ્રી/સીનીયર મેનેજરનો તાત્કાલિક સંપર્ક કરી જરૂરી તમામ કાર્યવાહી દિન-૧૦માં પૂર્ણ કરી તમામ કરારખત અદ્યતન રીતે નિભાવવા સૂચના આપવામાં આવે છે.

**ઉપરોકત બાબત અન્વયે માહે જુલાઇ-૨૦૧૯ પછી જો** ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડની **કોઇ પણ કચેરીને દ્વારા આવા કરારખત વિના જળ સંપત્તિ વિભાગ, SSNNL, GWIL વિગેરે દ્વારા દંડાત્મક આકારણી કરવામાં આવશે તો આવા દંડાત્મક ચૂકવણા માટે પાણી પુરવઠા વિભાગની સંબંધિત કચેરીના કાર્યપાલક ઇજનેરશ્રી તથા વિભાગીય હિસાબનીશની જવાબદારી નિયત કરી, જરૂરી કાર્યવાહિ હાથ ધરવામાં આવશે.**

આ પરિપત્રની સૂચનાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવશે, જેની જાણ થાય.

**(તુષાર ધોળકિયા, IAS)**
**સભ્ય સચિવ**

<u>નક્લ સાદર રવાના પ્રતિ:</u>

(૧) અગ્ર સચિવશ્રી (પા.પુ), ન,જ,સં,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિદિત થવા તથા જળ સંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ સાથે સરકારશ્રી સ્તરે બેઠક યોજી પાણીના જથ્થાની મંજૂરીથી પડતર દરખાસ્તો મંજૂર કરવાની જરૂરી કાર્યવાહિ થવા વિનંતી સહ.

(૨) વહીવટી સંચાલકશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ તરફ વિદિત થઇ પડતર મંજૂરીની દરખાસ્તો સત્વરે મંજૂર થવા વિનંતી સહ.

<u>નકલ રવાના પ્રતિ:</u>

(૧) મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૧-૨-૩-૪-૫ વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ તરફ જાણ તથા અમલ સારૂ

(૨) મુખ્ય ઇજનેરશ્રી (મોની.પ્લા) તરફ જાણ સારુ

(૩) મુ.ઇ.શ્રી(તાંત્રિક) તરફ જાણ તથા ક્ષેત્રિય કચેરીઓના પાણીના જથાની મંજૂરીની દરખાસ્ત અન્વયે પા.પુ વિભાગ મારફત જળ સંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમને તાત્કાલિક રજૂ કરવા સારૂ.

(૪) કાર્યપાલક/અધિક્ષક ઇજનેરશ્રી તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ થવા સારૂ

(૫) સીનીયર મેનેજરશ્રી ઝોન-૧-૨ વડોદરા/અમદાવાદ તરફ જાણ સારુ

(૬) નાયબ મેનેજરશ્રી ઝોન-૧-૩-૪-૫ વડોદરા/ રાજકોટ/ભુજ/જુનાગઢ

(૭) સીસ્ટમ મેનેજરશ્રી, તરફ બોર્ડની વેબસાઇટ પર મૂકવા સારૂ.